# સેન્ટર ફોર એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્પ્યુનિકેશન ટેકનોલોજી
## સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી

સરદારકૃષિનગર –૩૮૫૫૦૬
જીલ્લો : બનાસકાંઠા

**:: પરિપત્ર ::**

આથી યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને સર્વેને જણાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં લાખો રૂપિયાના ખર્ચે લોકલ એરીયા નેટવર્ક સ્થાપેલ છે. જેનો વિસ્તાર હાલમાં ફાર્મમાં એરીડની કચેરી સુધી છે. કેટલીક કચેરીઓ ધ્વારા પ્લાન્ટેશન તેમજ અન્ય કામકાજ અર્થે એજન્સીઓ ધ્વારા જેસીબી મશીનથી ખોદકામ કરાવવામાં આવે છે. આ ખોદકામ દરમ્યાન કચેરી/એજન્સીની બેદરકારીથી લોકલ એરીયા નેટવર્કનો ફાઈબર ઓપ્ટીકલ કેબલ રુટ માર્કર લગાવેલ હોવા છતાં કાપી નાંખવામાં આવે છે. જેના લીધે યુનિવર્સિટીને ઘણુજ આર્થિક નુકશાન થાય છે તેમજ બીજી કચેરીઓનું નેટવર્ક ખોરવાઈ જાય છે અને ઈન્ટરનેટ કનેકટીવીટીમાં વિક્ષેપ ઉત્પન્ન થાય છે જે ઘણીજ ગંભીર બાબત છે. આમ વારંવાર કેબલ કપાઈ જવાથી અને કેબલને જોઈન્ટ લાગવાથી ફાર્મ સાઈડે બેન્ડવીડથ ઘણીજ ધીમી થઈ જાય છે.

આવું ન બને તે માટે આ બાબતને ગંભીર ગણી યુનિવર્સિટીના કર્મચારી/અધિકારીશ્રીઓને જાતે ચોકસાઈ રાખી ખોદકામ કરાવે તે જરૂરી છે, તેમ છતાં જો આવુ થશે તો તેની સંપુર્ણ જવાબદારી તેમજ રીપેરીગ ખર્ચની જવાબદારી ખોદાણ કરાવનાર કચેરીના કર્મચારી/અધિકારીશ્રીની રહેશે જેની ગંભીર નોંધ લેવી તથા ભવિષ્યમાં આવું ન બને તેની કાળજી રાખવા સુચના આપવામાં આવે છે જેનો ચુસ્તપણે અમલ કરવો.

આ પરિપત્ર માન. કુલપતિશ્રીએ આ વિભાગની ફાઈલ ઉપર આપેલ મંજુરીના આધારે જારી કરવામાં આવે છે.

ઈ/ચા. નિયામક, એઆઈસીટી

જાનં. સદાંકૃયુ/એઆઈસીટી/ ૬૯૫ –૭૩૦ /૨૦૧૨
તા. ૪/૭/૨૦૧૨

<u>નકલ સવિનય રવાના :</u>

૧. યુનિવર્સિટીના સઘળા અધિકારીશ્રીઓ તરફ
૨. યુનિવર્સિટીના યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
૩. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, સ.દાં.કૃ.યુ. સરદારકૃષિનગર